# પત્રક ભાગ–૨
# ચૌદમી ગુજરાત વિધાનસભા

**શનિવાર, તા.૧૮/૦૯/૨૦૨૧**

**૩૭૮. ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન મંત્રીશ્રીઓ દ્વારા ગૃહમાં તારાંકિત પ્રશ્નોના મૌખિક જવાબો આપવા અંગે સ્પષ્ટતા:–**

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો કાર્યક્રમ, ગુરુવાર તા.૨૬/૦૮/૨૦૨૧ના પત્રક ભાગ–૨ ફકરા ક્રમાંક–૩૭૫ થી બહાર પાડવામાં આવેલ.

તાજેતરમાં નવા મંત્રીમંડળની રચના કરવામાં આવેલ છે તેના પરિણામે પૂર્વ મંત્રીશ્રીઓના સ્થાને નવા મંત્રીશ્રીઓની નિયુક્તિ થઇ છે અને તેમના વચ્ચે ખાતાઓની ફાળવણીમાં પણ ફેરફાર થયો છે. જયારે પ્રશ્નોની સૂચનાઓ પૂર્વ મંત્રીશ્રીઓની જૂથ રચનાને આધારે દાખલ કરી વિભાગોને મોકલવામાં આવી છે. નવા મંત્રીમંડળની રચનામાં સંબંધિત મંત્રીશ્રીઓને ફાળવેલ વિભાગો મુજબ, વિધાનસભા ગૃહમાં તા. ૨૭ અને ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ જુદા–જુદા મંત્રીશ્રીઓએ પ્રશ્નોના જવાબો આપવા સંબંધે સ્પષ્ટતા કરવાની કે જૂની જૂથ રચનામાં દર્શાવેલ વિભાગોના પ્રશ્નોના જવાબો સંબંધિત વિભાગોનો હવાલો ધરાવતા મંત્રીશ્રીઓએ જે તે દિવસે આપવાના થશે. પ્રશ્નોના જવાબો આપવા માટે વિભાગોના જૂથમાં કોઈ ફેરફાર થશે નહિ. જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં વહીવટી વિભાગો દ્વારા તારાંકિત પ્રશ્નમાં દર્શાવેલ તારીખે વિધાનસભા સચિવાલયને જવાબ મોકલી આપવાનો રહેશે તેમજ નવા મંત્રીશ્રીને ફાળવેલ વિભાગના ઉલ્લેખ સાથે જવાબો મોકલવાના રહેશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**